# શહેર-જિલ્લામાં બે દિવસમાં કોરોના સહાયના ૬૫૫ ફોર્મ ગયા : કુલ ૧૬૪ પરત

**૪૫ અરજીઓની ચકાસણી બાદ સહાય ચુકવવાના આદેશ, આજે બીજા દિવસે વધુ ૭૬ ફોર્મ ભરાઈ આવ્યા : ૨૪૩ ફોર્મ ભરવા લઈ ગયા**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાથી મૃત્યુ પામેલા દર્દીઓના સ્વજનો સરકારે સહાય આપવાના કરેલા નિર્ણયને પગલે સ્વજનોની દોડધામ વધી જવા પામી છે. જિલ્લામાં સત્તાવાર મૃત્યુના આંક કરતાં વધુ દર્દીઓ આ સહાય માટેના ફોર્મ અત્યાર સુધીમાં લઈ ગયા છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં બે દિવસમાં જ ૬૫૫ જેટલી વ્યક્તીઓ આ સહાય મેળવવા માટેના ફોર્મ લઈ ગયા છે. જે પૈકી ૧૬૪ લોકોએ ફોર્મ ભરી અને પરત પણ કરી દીધા છે.

જિલ્લાતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે વધુ ૭૬ જેટલા ફોર્મ ભરાઈને પરત આવ્યા છે. ગઈકાલે ૮૮ જેટલા ફોર્મ ભરાઈને આવ્યા હતા.

જિલ્લાતંત્ર દ્વારા મળી રહેલા ફોર્મની ચકાસણી કરવામાં આવી રહી છે. જિલ્લાતંત્ર દ્વારા ગઈકાલ અને આજે મળી ૪૫ અરજીઓની ચકાસણી સંપન્ન થઈ ગઈ છે અને આ અરજદારોને સહાય ચુકવી આપવાના જરૂરી આદેશો જારી કરી દેવામાં આવ્યા છે. જેમને સોમવાર સુધીમાં આ સહાય ચુકવી આપવામાં આવશે.

લાખો રૂ.ની ગાડી ડ્રાઈવ કરી અને રૂ. ૫૦ હજારની સહાય લેવા લોકો આવી રહ્યા છે.

જિલ્લાતંત્ર આજે ચોથો શનિવાર રજાનો દિવસ હોવા છતાં અરજદારોને તકલીફ ના પડે તે માટે જનસેવા કેન્દ્રમાં આ સહાય માટેના ફોર્મ તેમજ એફીડેવિટ સહિતની કામગીરી ચાલુ રાખી હતી.

જિલ્લામાં સહાય ઝડપથી ચુકવણી થાય તે માટે સિવિલ હોસ્પિટલમાંથી પણ કોરોના મૃતકોની યાદી મેળવી લેવામાં આવી છે. જોકે જે દર્દીઓના મોત કોરોનાની સારવાર દરમ્યાન થયા છે અને કો.મોર્બીડ હતા તેમના સ્વજનો સિવિલ હોસ્પિટલમાં પણ કોરોના રિપોર્ટ લેવા માટે દોડતા થયા છે.

# વાઈબ્રન્ટના પગલે શહેરના ૨૩ સર્કલોની સુંદરતા નિખરશે

**વાઇબ્રન્ટને અનુલક્ષી તંત્રએ જવાબદાર સંસ્થાઓને સુચના આપી : કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી સર્કલોની જાળવણીનુ કામ વિસરાયુ**



ગાંધીનગર તા ૨૭

વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં લાંબા સમયથી બાકી રહેતા કામો પણ પુરા કરવામાં આવશે. માર્ગ સુધારણા અને ફુટપાથ રીપેરીંગની સાથે સર્કલોની પણ સુંદરતા નિખરશે. શહેરમાં છેલ્લા બે વર્ષથી આકર્ષણ ગુમાવી ચુકેલા સર્કલોની જાળવણી માટે તંત્રએ જવાબદાર સંસ્થાઓને નોટીસ આપી છે. શહેરના ૨૩ જેટલા સર્કલોની જાળવણી માટે કામ પણ શરૂ કરી દેવાયુ છે. મુખ્યમાર્ગોની વચાળે સ્થિત સર્કલો પણ વાઈબ્રન્ટ દરમિયાન જગમગશે.

ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નતનવા કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. કોરોના કાળમાં છેલ્લા બે વર્ષથી આમ પણ નગરમાં સફાઈ અને સુશોભનની કામગીરીનો અભાવ વર્તાઈ રહ્યો છે. જેના લીધે શહેરની ફુટપાથ, માર્ગો તેમજ સર્કલો પણ આકર્ણણ વિહોણાં બન્યા છે. ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા જોવા મળે છે.જયારે માર્ગોની સરફેસ પણ ઉબડ ખાબડ બની છે. જયારે સર્કલોની નગરી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો પર સ્થિત વિવિધ સર્કલો પણ ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. દોઢ દાયકા પુર્વે વિવિધ સંસ્થાઓ દ્વારા વિવિધ થીમ પર વિકસાવેયલા સર્કલો શહેરમાં આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. જયારે બહારગામથી આવતા મુલાકાતીઓ પણ સર્કલોની સુંદરતા નિહાળી પ્રભાવિત થતા હતા પરંતુ શહેરમાં મુખ્ય ઘ માર્ગ પર વિશાળ ઘ-૪ નુ સર્કલ દુર કરી તેના

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં ૨૦ હજારથી વધુનું વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના પ્રતિકાર માટે ચાલી રહેલા વેક્સિનેશન અભિયાનમાં ગતિ આવી છે.

જિલ્લામાં આજે ૨૦ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૯,૫૦૫ લોકોને અને શહેરમાં ૧૨૬૨ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં ૬૦ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા છે. જો કે વેક્સિનનો બીજો ડોઝ લેવામાં લોકો ઉદાસીનતા ખાસ કરીને શહેરી વિસ્તારમાં વધુ જોવા મળી રહી છે. લગ્નસરાની સિઝન ચાલુ હોવાથી હમણાં નહિ પછી લઈશુ તેમ કહેવામાં આવે છે.

વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે હર ઘર દસ્તક ઉપરાંત સેશન સાઈટો પણ જે નિયત કરવામાં આવી છે ત્યાં વેક્સિન આપવામાં આવી રહી છે.

# ધો-૯ થી ૧૨ની પરીક્ષામાં હવે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો પુછાશે

**ધો -૯ થી ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૨૦ ના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નોનો સમાવેશ કર્યો છે : જયારે ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો પુછવામાં આવશે**

ગાંધીનગર તા ૨૭

ધો -૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની પરીક્ષા પધ્ધિતમાં ફેરફાર કરાયો છે. વિદ્યાર્થીઓ તણાવમુક્ત થાય અને વાલીઓની ચિંતા ઘટે તેવા ઉમદા આશયથી સરકારે ધો -૯ થી ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૨૦ ના બદલે ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નોનો સમાવેશ કર્યો છે. જયારે ૭૦ ટકા વર્ણનાત્મક પ્રશ્નો પુછવામાં આવશે. શિક્ષણમંત્રીના આ નિર્ણયના લીધે રાજયના ૨૯ લાખ વિદ્યાર્થીઓને ફાયદો થશે.

વિદ્યાર્થીઓનો તણાવ અને વાલીઓની ચિંતા ઘટે તે માટે વર્ષ ૨૦૨૨ને અનુલક્ષી ધો - ૯ થી ૧૨ ની શિક્ષણ પધ્ધતિમાં શિક્ષણ પધ્ધતિમાં નવો ફેરફાર કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ વિદ્યાર્થીઓના હીતને ધ્યાનમાં રાખી મહત્વનો નિર્ણય કર્યો છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ માં ધો -૧૨ માં ૧૫ જુલાઈ વર્ષ



૨૦૨૧ અને ધો -૯ થી ૧૧ માં ૨૬ જુલાઈ ૨૦૨૧ થી ઓફલાઈન શિક્ષણની શરૂઆત કરવામાં આવી છે. છ માસિક પરીક્ષા નિયત સમયે ઓફલાઈન પધ્ધતિ મુજબ લેવામાં આવી છે. રાજયના વિદ્યાર્થીઓનુ ભાવિ હીત નીટ અને જે ઈ ઈ ની પરીક્ષામાં સારો દેખાવ કરી શકે અને દેશના અન્ય વિદ્યાર્થીઓ સાથે તંદુરસ્ત સ્પર્ધા કરી શકે ઉજ્જવળ કારર્કીદી બનાવવા માટે ઉજ્જવળ તક મળે તે માટે વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેના અંતે સરકાર દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્ર અને હાલની સ્થિતિને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓનુ શૈક્ષણિક ભારણ ઘટે તેવા આશયથી હવેથી આગામી ધો - ૯ થી ૧૨ ની પરીક્ષા પધ્ધતિમાં બદલાવ કરાયો છે. ધો -૯ થી ૧૨ માં સામાન્ય પ્રવાહમાં ૨૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો રહેશે આ ઉપરાંત ૮૦ ટકા વર્ણાનાત્મક પ્રશ્નોનો હાલની પરીક્ષા પધ્ધતિ મુજબ પુછાય છે. જયારે હવે ધો - ૯ થી ૧૨ માં ૩૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો અને ૭૦ વર્ણનાત્મક પ્રશ્નોનો સમાવેશ રહેશે. ધો -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૫૦ ટકા હેતુલક્ષી પ્રશ્નો તેમજ ૫૦ ટકા વર્ણાનાત્મક પ્રશ્નો રહેશે. જેના લીધે વિદ્યાર્થીઓ હળવાશ અનુભવશે જયારે આ નિર્ણયથી રાજયમાં ધો -૯ થી ૧૨ માં અભ્યાસ કરતા ૨૯ .૭૫ લાખ વિદ્યાર્થીઓને લાભ થશે.

# લવારપુર ગામના ૧૨ વર્ષીય બાળકનું ડેન્ગ્યુથી શંકાસ્પદ મોત

ગાંધીનગર, તા. ૨૭


ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે ૧૨ વર્ષીય બાળક યશ ભરતભાઈ શર્માનું ડેન્ગ્યુથી મોત થયાના સમાચારથી સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ડેન્ગ્યુથી થયેલા શંકાસ્પદ મોત અંગે તંત્રએ હાલ ચુપકીદી સેવી છે. યશને બે દિવસમાં બે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

યશના માતા અગાઉ જિલ્લા પંચાયતમાં આઉટસોર્સિંગમાં ફરજો બજાવતા હતા. યશના મૃત્યુના સમાચાર જિલ્લા પંચાયતમાં પ્રસરતાં કર્મચારીઓમાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી હતી. યશ બે બહેનોનો ભાઈ હતો.

ગાંધીનગર જિલ્લામાં ડેન્ગ્યુના કેસો વધી રહ્યા છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ગ્રામ્યવિસ્તારમાં ડેન્ગ્યુના કેસો સતત વધી રહ્યા છે જેને લઈ તંત્રએ પણ તેનુ સર્વેલન્સ સઘન બનાવવાનો નિર્ણય કર્યો છે. હાલ મચ્છરોની ઉત્પત્તિ માટે થોડુક સાનુકૂળ વાતાવરણ પણ જોવા મળી રહ્યુ છે. તંત્રએ એન્ટી લાર્વેલની કામગીરી વધારી દીધી છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં ડેન્ગ્યુના કેસો ૧૦૦ ની આસપાસ નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.



સ્માર્ટ સિટીમાં સ્માર્ટ અકસ્માત - આ તસવીર નિહાળતા જ મન વિચારોના વમળોમાં ફસાઈ જાય... કેવી રીતે અને કયા કારણસર આ દુર્ઘટના સર્જાઈ હશે એના તર્ક-વિતર્કમાં શહેરની સાંજ પસાર થઈ ગઈ... શનિવારની સાંજે પંચદેવથી જૈન દેરાસર, એટલે કે સેક્ટર-૨૨ના આંતરિક માર્ગ પર સર્જાયેલ દુર્ઘટના શહેરના પહોળા માર્ગો પર વાહન હંકારતા નાગરિકો માટે ચેતવણીરૂપ છે... આંતરિક માર્ગના નવનિર્મિત ડિવાઈડર પર બરાબર મધ્યમાં કાર કેવી રીતે પહોંચી હશે... કેટલી ગતિ હશે અને કેવી મનોસ્થિતિ હશે...? ખરેખર આ ઘટના જેટલી ચર્ચાસ્પદ છે એટલી જ ચિંતાનજક પણ છે... સ્માર્ટ સિટીના સ્માર્ટ અકસ્માતો માર્ગ સલામતિમાં સજાગતનો સંદેશ આપે છે...

# સ્માર્ટ સીટી અન્વયે શહેરમાં ગટરલાઈનને અપગ્રેડ કરવા ટુંકમાં કામ શરૂ કરાશે

**નવી પાઇપો પણ ટુંકમા આવી જશે જેના અંતે સેકટરોમાં ખોદકામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૭

ગાંધીનગરને સ્માર્ટ બનાવાની યોજના અન્વયે પાણી ગટરની માળખાગત સુવિધાને અપગ્રેડ કરવામાં આવશે. શહેરમાં ૨૪ કલાક પાણીનો સપ્લાય આપવાની સાથે દાયકાઓ જુની ગટર લાઈન પણ મોટા ડાયામીટરની નાંખવા માટે આયોજન કરાયુ છે. જેને અનુલક્ષી ટુંકમાં નવી પાઈપ્સ આવી જશે જયારે સેકટરોમાં ખોદકામ શરૂ કરી નવી લાઈન નાંખવા માટે પણ ઝડપથી કામ હાથ ધરવામાં આવશે.




ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે પાણી ગટર યોજનાના નવા પ્રોજેકટનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય માટે પાઈપલાઈન નાંખવાનુ કામ શરૂ કરી દેવાયુ છે. બીજીતરફ દાયકાઓ જુની ગટર લાઈન પણ બદલવામાં આવશે. જેને અનુલક્ષી તૈયારીઓ કરી દેવામાં આવી છે. સેકટરોમાં હવે વસતી અને વિકાસ મુજબ દાયકાઓ જુની લાઈન બદલીને મોટાડાયામીટરની લાઈન નાંખવામાં આવશે. આ માટે અગાઉ માર્ગ મકાન વિભાગ દ્વારા એજન્સીને સર્વે હાથ ધરવાનુ કામ સોંપવામાં આવ્યુ હતુ જયારે સંબંધિત એજન્સીએ આ સર્વેના અંતે રીપોર્ટ તૈયાર કરીને પણ સુપ્રત કરી દીધો છે. સેકટરોમાં ગટર લાઈનનુ કામ શરૂ કરવામાં સરળતા રહે તેમજ અન્ય યુટીલીટીઝ લાઈન પણ ડીસ્ટર્બ ન થાય તે મુજબ નવી લાઈન નાંખવા માટે ટુંકમાં જ કામ પણ શરૂ કરી દેવાશે આ માટે એજન્સીને પણ વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જયારે નવી લાઈન નાંખવા માટે પાઈપલાઈન પણ ટુંકમાં આવી જશે. સેકટરોમાં છેલ્લા એક દાયકાથી ગટરો ઉભરાવાની સમસ્યા પેચીદી બની છે. જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર દુષિત પાણી ઉભરાતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.

ગટર લાઈનની ફરિયાદોને ડામવા માટે તંત્ર દ્વારા સુપર સકર મશીન તેમજ રોબો મશીનને પણ ઉપયોગમાં લેવામાં આવી રહ્યુ છે. જયારે હવે ગટર લાઈનની સમસ્યાનુ કાયમી નિવારણ લાવવા માટે સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે સેકટરોમાં આગામી લાંબા સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખી નવી લાઈન નાંખવા માટે કામગીરી હાથ ધરાશે. શહેરમાં ગટર લાઈન નાંખવા માટે આગામી ૧૫ દિવસમાં કામ શરૂ થઈ જશે અલબત્ત નવી પાઈપલાઈન આવી જતા સેકટરોમાં ખોદકામ શરૂ કરાશે. જયારે આ કામગીરી પુર્ણ થતા પણ સમય લાગશે

## શહેરના જાણીતા ઉદ્યોગપતિ રાહુલ મહેતાના પિતા મનુભાઈ મહેતાનું નિધન

ગાંધીનગર, તા.૨૭

શહેરના જાણીતા ઉદ્યોગપતિ અને રોટરી કલબ ઓફ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ રાહુલ મહેતાના પિતાશ્રી મનુભાઈ મહેતાનું ટૂંકી માંદગી બાદ આજે વહેલી સવારે એપોલો હોસ્પિટલ ખાતે નિધન થયું હતું. તેમના પાર્થિવદેહને અગ્નિસંસ્કાર માટે તેમના વતન ખડસલી (સાવરકુંડલા) ખાતે લઈ જવાયા હતા. જ્યાં મોડી સાંજે અનેક ગાંધીવાદીઓ અને પરિવારજનોની ઉપસ્થિતિમાં અંતિમસંસ્કાર કરાયા હતા.



મનુભાઈ સૌરાષ્ટ્રમાં ગાંધીવાદી ચળવળ અને ખાદી ચળવળ માટે અગ્રેસર રહ્યા હતા. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના સભ્ય તરીકે પણ તેઓની સેવાઓ નોંધપાત્ર રહી છે. ગાંધી વિચાર સાથે બુનિયાદી શિક્ષણના તેઓ હંમેશા હિમાયતી રહ્યા છે અને તેમના વતન ખડસલીમાં બુનિયાદી શાળાનું વર્ષોથી સંચાલન કરી અંતરિયાળ વિસ્તારના બાળકોના ઘડતરમાં સદગતનું અનોખું યોગદાન રહ્યું છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

URGENTLY REQUIRED
MyCosmos Jobs.com Since 35 Years
- IT Executive
- Payroll Executive
- HR Head / Executive
- CA / Accountant
- Placement Officer
- Electronic Engineer
- Product Head
- Maintenance Head
- Business Devlopment Executive
- Microbiologist
- Tele caller - Female
- Marketing executive
- Front Desk executive
- Sales & Marketing
- Sales Executive
- Software Developer

Send us your CV : rt1@cosmosgroup.in, job@cosmosgroup.in,recruitment@cosmosgroup.in
COSMOS MANPOWER PVT. LTD.
B-183/184, G.I.D.C., Sector - 25, Nr. Madhur Dairy, "K" Road, Gandhinagar - 382025
C.M.P.L
Contact :- 079 66707777, 9979846157, 9978862048, 9909922628
Portal - www.mycosmosjobs.com, Website : www.cosmosgroup.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com